# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### કરમસદ-આણંદ મહાપાલિકામાં ભરતી, પરિવહન અને વિકાસ કામોનો મોટો ધમધમાટ

# કરમસદ - આણંદમાં ૩૨ સિટી બસ દોડશે

**સ્થાયી** સમિતિની બેઠકમાં ૨૨ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર મહોર મરાઈ



(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

કરમસદ - આણંદ મનપાના કોન્ફરન્સ હોલ ખાતે સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મયુરભાઈ સુથારની અધ્યક્ષતામાં અને મ્યુનિસિપલ કમિશનર આર. એન. ડોડીયાની ઉપસ્થિતિમાં મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના વહીવટી માળખાને સક્ષમ બનાવવા, ટ્રાફિક અને જાહેર પરિવહન સુધારવા તેમજ સ્વચ્છતા અંગેના ૨૨ જેટલા લોકઉપયોગી અને વિકાસલક્ષી પ્રશ્નો પર વિસ્તૃત ચર્ચા કરીને નિર્ણયો લેવામાં આવ્યા છે.

કરમસદ - આણંદ મનપાની વહીવટી કામગીરી વધુ ઝડપી બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલ વર્ગ-૧ થી ૩ ની કુલ ૩૧૯ નવીન જગ્યાઓના મહેકમ અને ભરતી નિયમોને સમિતિએ મંજૂરી આપી છે. આ ઉપરાંત વહીવટી ખર્ચની ૧૪.૪૪ કરોડની ગ્રાન્ટનો ઉપયોગ કરવા તેમજ આઉટસોર્સિંગ એજન્સીઓના ચૂકવણા માટે મ્યુનિસિપલ કમિશનરને અધિકૃત કરાયા છે.

આણંદ શહેરમાં ૨ આધુનિક 'સી.એમ. મોર્ડન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ' બનાવવાની દરખાસ્ત સ્વીકારાઈ છે. ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે રેલવે ક્રોસિંગ LC-9, LC-6 અને LC-7 પર નવા ઓવરબ્રિજ બનાવવા જમીન સંપાદન ઝડપી કરવા અને કન્સલ્ટન્ટ નિમવા નિર્ણય લેવાયો છે. આ સાથે ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી ૨.૦૦ કરોડના નવા રસ્તા-પેવર બ્લોક અને જૂના પેવર બ્લોકના રી-ફિટિંગ માટે ૧.૫૦ કરોડના ટેન્ડરો મંજૂર કરાયા છે.

#### સ્વચ્છતા માર્શલ અને પશુ અંકુશ

મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના હેઠળ ૩૨ નવી સીટી બસો માટે દરખાસ્ત કરાઈ છે, જેમાંથી ૨૦ સી.એન.જી. બસો માટે ઓનલાઈન ટેન્ડરિંગ કરાશે. સ્વચ્છતા માટે ૧૩ □સ્વચ્છતા માર્શલ□ ની હંગામી નિમણૂક અને સફાઈ માટે ૩૦ નવા ટ્રેક્ટરો ભાડે રાખવાના કોન્ટ્રાક્ટને મંજૂરી અપાઈ છે. રખડતા પશુઓના રસીકરણ-ખસીકરણ માટે □૧ કરોડ અને કેટલ પોન્ડ્સ માટે □૧.૨૫ કરોડની ગ્રાન્ટ વપરાશે. આ બેઠકમાં નવરાત્રીથી દિવાળી દરમિયાન ૧૨ દિવસીય □સ્વદેશી મેળા□ ના આયોજન અંગે પણ ચર્ચા થઈ હતી.

#### ૩૧.૭૦ કરોડના ડ્રેનેજ પ્રોજેક્ટ અને વોટર વર્ક્સ

બાકરોલ અને ઇસ્માઇલનગર વિસ્તારમાં બાકી ગટર લાઈનો માટે □૩૧.૭૦ કરોડનો અહેવાલ સરકારમાં મોકલાશે. 'કેચ ધ રેઈન' અભિયાન હેઠળ વરસાદી પાણીના સંગ્રહ માટે □૧૦૦ લાખ ફાળવાયા છે, જ્યારે નવા ઉદ્યાન માટે □૪૫.૫૮ લાખનું ટેન્ડર મંજૂર થયું છે.

### મોર્નિંગ વોક માટે નીકળેલા આધેડને બોથડ-ધારદાર હથિયાર ઝીંક્યા

# લુણાવાડા તાલુકાના ગરીયા ગામે આધેડની હથિયારથી ક્રૂર હત્યા કરી

**અજાણ્યા શખ્સો માથા** અને કપાળે જીવલેણ ઘા મારી ફરાર

(પ્રતિનિધિ) લુણાવાડા તા.16

મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકા હેઠળ આવતા ગરીયા ગામે વહેલી સવારે નિત્યક્રમ મુજબ મોર્નિંગ વોક માટે નીકળેલા ૪૫ વર્ષીય આધેડ પ્રવિણભાઈ નાથાભાઈની અજાણ્યા શખ્સોએ માથા તેમજ કપાળના ભાગે બોથડ કે ધારદાર હથિયારના ઉપરાછાપરી ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી દીધી છે. હત્યા કર્યા બાદ હત્યારાઓ મૃતદેહને રોડની સાઈડમાં ફેંકીને ફરાર થઈ ગયા હતા, જેના પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ભયનો માહોલ ફેલાઈ ગયો છે.

લુણાવાડાના ગરીયા ગામના નવા વણકર ફળિયામાં રહેતા અને ક્રુઝર ગાડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા પ્રવિણભાઈ વહેલી સવારે ચાલવા નીકળ્યા બાદ સવારના આઠ વાગ્યા સુધી ઘરે ન પરત ફરતાં પરિવારે ખેતરો તથા આસપાસના ગ્રામીણ રસ્તાઓ પર શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન કુંદેવ ચોકડી તરફ જતા માર્ગે રોડની બાજુમાંથી તેમનો રક્તરંજીત મૃતદેહ મળી આવ્યો હતો.

આ બનાવની જાણ થતાં જ કોઠંબા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે લુણાવાડા જનરલ હોસ્પિટલ ખસેડ્યો હતો. મૃતકના પુત્ર ભાવેશકુમાર વણકરની ફરિયાદના આધારે કોઠંબા પોલીસે અજાણ્યા હત્યારા વિરુદ્ધ ગુનો નોંધી અંગત અદાવત કે અન્ય કોઈ કારણોસર હત્યા થઈ છે? તે દિશામાં સઘન તપાસ શરૂ કરી છે.

# બોરસદના મોટી શેરડીના સરપંચને બરતરફ કરાયાં

**સરકારી** જમીન પર પંચાયતના ઠરાવ વિના માટી ખનન કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૬

બોરસદ તાલુકાના મોટીશેરડી ગ્રામ પંચાયતનાં સરપંચ શકુંતલાબેન જગદીશભાઈ મકવાણાને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૫૭(૧) હેઠળ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો અનુસાર, મોટીશેરડી ગામમાં ઈન્દિરા કોલોનીની સામે આવેલી બળિયાદેવ મહારાજ વાળી સરકારી જમીન પર પંચાયતના ઠરાવ વિના માટી ખનન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ખોદકામ કરીને કાઢવામાં આવેલી માટીનું વેચાણ કરી દેવામાં આવ્યું હોવાનો મામલો સામે આવ્યો હતો. સરકારી જમીન પર ખનન અને માટીના વેચાણની કામગીરી પંચાયતના સત્તાવાર ઠરાવ વિના કરવામાં આવી હોવાના મુદ્દાને ધ્યાને રાખીને સંબંધિત સરપંચ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ બોરસદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા સરપંચને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવતાં ખળભળાટ મચી ગયો છે.

### કરમસદ - આણંદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની કડક કાર્યવાહી

# આણંદની ગણેશ ચોકડી પર શિવ દુગ્ધાલય પાસેથી ₹૨૫ હજારનો દંડ વસૂલાયો

**એક્સપાયરી ડેટ** વાળી વસ્તુઓ વેચવા બદલ સ્થળ પર જ વહીવટી ચાર્જ લેવાયો



(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

કરમસદ - આણંદ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર જનતાના સ્વાસ્થ્યની સુરક્ષા અને નાગરિકોને શુદ્ધ તેમજ સાત્વિક વસ્તુઓ મળી રહે તે હેતુથી ગણેશ ચોકડી વિસ્તારમાં આવેલ જાણીતા શિવ દુગ્ધાલય ખાતે ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ આરોગ્ય વિભાગની તપાસણી દરમિયાન સ્ટોરમાંથી વપરાશની અવધિ પૂર્ણ થઈ ગઈ હોય (એક્સપાયરી ડેટ) તેવી વસ્તુઓ મળી આવતાં ગંભીર બેદરકારી સામે આવી હતી. નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા આ એકમ સામે મનપાના અધિકારીઓએ કડક વલણ અપનાવી, નિયમોના ભંગ બદલ અને બિનઆરોગ્યપ્રદ વસ્તુઓ રાખવા બદલ સ્થળ પર જ રૂપિયા ૨૫,૦૦૦/- નો વહીવટી દંડ વસૂલ કર્યો હતો.

આ આકસ્મિક તપાસ બાદ મહાનગરપાલિકા દ્વારા દુકાન સંચાલકને ભવિષ્યમાં આવી બેદરકારી ન દાખવવા કડક સૂચના આપવામાં આવી છે. આરોગ્ય વિભાગે સ્પષ્ટતા કરી છે કે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવાશે નહીં અને આગામી સમયમાં પણ શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય એકમો પર નિયમિત તપાસ ચાલુ રહેશે.

# જીટોડીયામાં ઘરફોડીયા ૮૫ હજારની મતા ચોરી ફરાર

(પ્રતિનિધિ) આણંદ તા.16

આણંદના જીટોડીયા ગામમાં ઘરફોડ ચોરીનો બનાવ બન્યો હતો.

આણંદના જીટોડીયાના ચાવડાપુરા વિસ્તારમાં આવેલી બેરીઝ એવન્યુ સોસાયટીમાં રહેતા ભાવિનકુમાર મનુભાઈ ચૌહાણ અને તેમના પત્ની મોનાલીબેન કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવે છે. ગત ૧૦મી સપ્ટેમ્બરના રોજ બંને નોકરી પરથી પરત આવ્યા બાદ રાત્રે આશરે સાડા નવ વાગ્યે ઘરના દરવાજાને સ્ટોપર મારી પોતાની ૩ વર્ષની પુત્રી સ્વીઝેલ સાથે સાંગોળપુરા બગીચામાં ફરવા ગયા હતા. જોકે, રાત્રે ૧૧ વાગ્યે પરિવાર ઘરે પરત ફરીને નિંદ્રાધીન થયો હતો.

બીજે દિવસે સવારે તિજોરી ખોલતાં જ ચોરી થઈ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. કોઈ અજાણ્યા ચોરે રાત્રિ દરમિયાન દરવાજાની સ્ટોપર સરકાવી અંદર પ્રવેશી લાકડાની તિજોરીનું લોક ખોલી નાખ્યું હતું. તસ્કરો તિજોરીમાંથી સોનાની ચેન, ક્રોસ પેન્ડન્ટ, સોનાની ત્રણ વીંટી, કાનની બુટ્ટી, ચાંદીના છડા અને રોકડા રૂ. ચાર હજાર મળી કુલ રૂ. ૮૫,૦૦૦ નો મુદ્દામાલ ચોરી ગયા હતા. આ બનાવ અંગે ભાવિનકુમારે આણંદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.


